જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૮/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ, ૨૨૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૯ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૬૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૭૦/૨૦૨૬**

ઘાટલોડીયાઃ હેત સ/ઓ રાકેશભાઈ શાહ (ઉ.વ.૨૩)(રહે. સરદાર પટેલ નગર આવાસના મકાનમાં, ટેલીફોન એક્ષચેન્જ સામે, નારણપુરા) એ તા.૩૧/૭/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૬/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી પ્રમિલા જાદવ (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ કોટક મહિન્દ્રા બેંકના કર્મચારી તરીકેની ઓળખ આપી, હેત શાહને ક્રેડિટ કાર્ડ લીમીટમાં વધારો કરી આપવાનું કહી વિશ્વાસમાં લઇ, પ્રમિલા જાદવ તથા યુપીઆઈ આઈ.ડી. ધારક સતેન્દ્રકુમાર નાઓએ ભેગામળી હેત શાહ ના બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૨,૧૯,૩૯૦/– ટ્રાન્સફર કરી લઇ હેત શાહ સાથે વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.જે.પડંયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૭૧/૨૦૨૬**

અમરાઇવાડીઃ માસીલામણી દુરઇસ્વામી મુદલીયાર (ઉ.વ.૫૬)(રહે.સાગર એપાર્ટેમેંટ પહેલો માળ, હાટકેશ્વર સર્કલ પાસે, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૭/૨૦૨૬ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી હાટકેશ્વર સર્કલ પાસે તેજેન્દ્ર કોમ્પલેક્ષમાં આવેલ જીમમાં પોતાની જાતે જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી